ગાંધીનગર સમાચાર





## લ્યો હવે 'હોંચી-હોન્ડા'ની સવારી...

પેટ્રોલ અને ડીઝલમાં ભાવ વધારાથી તોબા પોકારી ગયેલા નાગરિકો માટે આ શ્રમિક પરિવારની 'હોંચી હોન્ડા'ની સવારી જુગુપ્સા પ્રેરક લાગી રહી હશે. પાલનપુરના જુના ટેલિફોન એકસચેન્જ નજીક સમી સાંજે ગધેડા પર બેસીને પસાર થઈ રહેલા આ યુવાન અને તેનો લાડકવાયો અને પાછળથી 'ફાયરીંગ' કરી રહેલી પત્નીએ લોકોમાં કુતુહલ જમાવ્યું હતું. દિવસ દરમિયાન મજુરી કામમાં સાથ આપતો ગધેડો સવાર-સાંજ વાહન બની મોંઘવારીમાં ભાડાંની બચત પણ કરાવી રહ્યો છે ત્યારે વધતા જતા ઈંધણના ભાવો શું દરેકને આવા પરંપરાગત પરિવહન તરફ લઈ જશે કે શું તેવો પ્રશ્ન થાય છે તે સ્વાભાવિક છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોડાસાના બે વિદ્યાર્થીઓ ભેદી રોગચાળાના સંકજામાં સપડાતા વાલીઓમાં ફફડાટ

## ગુલીયન બાર સીન્ડોમ ઓટો ઈમ્યુન નામના રોગમાં સપડાયા

મોડાસા તા.૨૧

ધનસુરા રોડ પર આવેલ ખ્યાતનામ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ જે.બી.શાહ ના બે બાળકો એક વિચિત્ર ભેદી રોગમાં સપડાતા સમગ્ર વાલીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર મોડાસા ની જે.બી.શાહ ઈંગલીશ મીડીયમ સ્કુલ ના બે વિદ્યાર્થીઓ ને ગુલીયન બાર સીન્ડોમ ઓટો ઈમ્યુન નામના વિચિત્ર રોગના શકંજામાં આવી જતા સમગ્ર સ્કુલ ના બાળકલ માં ફફળાટ વ્યાપી ગયો છે. અને વાલીઓ ચીતતી બન્યા છે. જયારે આ બન્ને બાળકો ને ૨ દિવસ માટે મોડાસા ની ખાનગી હોસ્પીટલ માં સારવાર આપવા છતાં તબીયત માં સુધારો ના જણાતા

વધુ સારવાર માટે અમદાવાદ ની ખાનગી હોસ્પીટલ માં ખસેડવામાં આવ્યા હતા. આ રોગના લક્ષણો માં બાળકો ને પગ દુખે છે.ચેતા તન્તુ નબળુ પડે છે. અને ચાલવામાં તકલીફ પડે છે.અને પેરાલીસીસ થવાની સંભાવના રહે છે જેથી આરોગ્ય વિભાગ દ્વારા તકેદારી ના ભાગ રૂપે આ બનને બાળકો ની આસપાસ રહેતા બાળકો ઓ.આર.આઈ કરવામાં આવી રહી છે. જયારે સ્કુલ ના વહીવટ કર્તા દ્વારા તકેદારી ના ભાગ રૂપે સફાઈ કરાવાની શરૂ કરાવી દીધી છે.અને આ રોગ ના ભરડામાં વધુ બાળકો ના આવે તેની કાળજી લેવામાં આવી રહી છે.

(તસવીર : સમીર બલોચ, બાયડ)




# સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસના કર્મીઓથી નાગરિક પરિષદના સભ્યોને કડવો અનુભવ

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૭માં આવેલ પોસ્ટ ઓફિસમાં અપુરતી જગ્યાને કારણે નાગરિકોનો પારવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે આ સમસ્યાને લઈને ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા ડાક અદાલતમાં રજુઆતો કરવામાં આવી છે છતાં સુપ્રિટેન્ડન્ટ દ્વારા મગનું નામ મરી પાડવામાં આવતું નથી.

શહેર જાગૃત નાગરિક પરિષદ ગાંધીનગરની જનતાના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય કરી રહી છે ત્યારે શહેરના સેકટર-૭માં આવેલી પોસ્ટ ઓફિસમાં સાંકડી જગ્યાને કારણે અહીંયા દરરોજ કામાર્થે આવતા નાગરિકોને ભીડમાં ઉભા રહેવું પડે છે. નાગરિક પરિષદે ગત તા. ૧૯ જુનના રોજ સુપ્રિટેન્ડન્ટ ઓફિસ સેકટર-૧૧ ખાતે યોજાયેલ ડાક અદાલતમાં રજુઆત કરી હતી. પરીષદના સભ્યો દ્વારા વિગતે ચર્ચા કરવામાં આવી હતી. તે છતાં આજ દિન સુધી આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું નથી. તેમજ નાગરિક પરિષદના જયંતિભાઈ ભટ્ટ, રાજેન્દ્રભાઈ પારેખ, નિરંજન ઓઝા રુબરુ સુપ્રિટેન્ડેન્ટ ઓફિસે મળવા ગયા છે. જયાં સ્ટાફના માણસો સાથે પુછપરછ કરતા સ્ટાફના માણસોએ અસહકાર આપ્યો હતો.

સેકટર-૭ની પોસ્ટ ઓફિસને લઈને અનેકવાર રજુઆતો કરવા છતાં સુપ્રિટેન્ડેન્ટ કાંઈ વિચારતા નથી ત્યારે આ સમસ્યાનું ઝડપથી નિરાકરણ આવે તેવું નાગરિક પરિષદે જણાવ્યું છે.

# હિંમતનગરની કામધેનુ યુનિવર્સિટીમાં માર્કશીટ ન મળતા વિદ્યાર્થીઓ હડતાલ પર ઉતર્યા

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે કામધેનુ યુનિવર્સિટી આવેલી છે. જેમાં અભ્યાસ કરતા ૮૫ વિદ્યાર્થીઓને માર્કશીટ ન મળતા તેમનું ભાવિ અંધકારમય બની ગયું છે. આ અંગે વિદ્યાર્થીઓએ મંત્રી અને સચિવને પણ રજુઆત કરી છે પરંતુ હજુ કોઈ નિરાકરણ આવ્યું નથી. જેથી સોમવારથી વિદ્યાર્થીઓ અચોકકસ મુદતની હડતાલના માર્ગે વળ્યા છે.

વિગત એવી છે કે રાજયમાં કામધેનુ દાંતીવાડા, નવસારી, જુનાગઢ અને વર્ષ ૨૦૧૧માં હિંમતનગરમાં કામધેનુ યુનિવર્સિટી શરુ થઈ જયાં ત્રણ વર્ષનો ૬ સેમિસ્ટરનો પશુ ચિકિત્સક અને પશુપાલનના વ્યવસાયના અભ્યાસ માટે ૩૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો તે સમયથી આ યુનિવર્સિટી માત્ર એક સર્જન, એક ગાયનેકોલોજીસ્ટ અને એક પેથોલોજીસ્ટ એમ ત્રણ પ્રોફેસર અને ઈન્ચાર્જ પ્રિન્સીપાલથી ચાલે છે. પ્રોફેસરો પણ હંગામી ધોરણે છે. જેમાંથી એક પ્રોફેસર ૨૦૧૨માં છુટો થઈ ગયેલ હતો અને હાલમાં પણ પરિસ્થિતિ એવી છે કે બે પ્રોફેસર અને ઈન્ચાર્જ પ્રિન્સીપાલ જ છે. વર્ષ ૨૦૧૧ના ૩૫, વર્ષ ૨૦૧૨ના ૩૫ અને વર્ષ ૨૦૧૩ના વિદ્યાર્થીઓ આમ ૩ વર્ષમાં હાલ ૮૫ વિદ્યાર્થીઓને તેમની માર્કશીટ હજી સુધી મળી નથી જેનો લઈને વિદ્યાર્થીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. અને છેલ્લા કેટલાય સમયથી રાજયના પશુ પાલન મંત્રી બાબુભાઈ બોખરીયા અને સચિવ-રાજકુમાર ઉપરાંત રજીસ્ટ્રાર બી.જે. પરમારને રજુઆતો કરી છે પણ સરકાર કે સચિવ ખાલી થઈ જશે તેવી વાતો કરી વિદ્યાર્થીઓને સમજાવી પાછા મોકલી દે છે. જેને લઈને હવે આ વિદ્યાર્થીઓ હડતાલના માર્ગે વળ્યા છે અને સોમવારથી માર્કશીટ નહિ તો અભ્યાસ નહિ તે સાથે પોતાનું હડતાલ હથિયાર યુનિવર્સિટી અને સરકાર સામે ઉગામ્યું છે. પહેલા માર્કશીટ અને જરુરીયાત મુજબ સ્ટાફની ભરતીની માંગણી સાથે અચોકકસ મુદતની હડતાલ પર ઉતર્યા છે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર મહાનગરપાલિકાએ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન માટે માંગેલ અરજીઓ સ્વીકારવાની મુદતમાં બે દિવસમાં વધારો કર્યો છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાની અર્બન હેલ્થ સોસાયટીની બેઠક મળી હતી.
- ધારાસભ્ય શ્રી અશોક પટેલના પિતાશ્રી નાદુરસ્ત બનતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી.
- વિધાનસભામાં આજે યોજાયેલા પત્રકારોના પ્રીતી ભોજન સમારોહમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા, વિપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, પ્રવક્તા મંત્રીશ્રીઓ નીતિન પટેલ અને શ્રી સૌરભ પટેલ પણ જોડાયા હતા.
- આજે રાજ્ય વિધાનસભાના સભ્યો માટે "અંબર ગાજે" લોક ડાયરાનું આયોજન કરાયું છે. રાજયના નામાંકિત કલાકારો શાહબુદીન રાઠોડ, ફરીદા મીર, અભેસિંહ રાઠોડ અને મેરાણભાઈ ગઢવી હાજરી આપનાર છે.

# હિંમતનગરમાં બીએમડબલ્યુ કારમાંથી ૧૨ બીયર સાથે બે ઝડપાયા બંને જામીન પર મુકત

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તા પર રવિવારે મોડી રાત્રીના સમયે વાહન ચેકિંગ દરમિયાન વૈભવી કારમાંથી બીયરની બોટલો સાથે બેને પોલીસે ઝડપી પાડી અને મુદ્દામાલ કબજે લઈ તેમના વિરુદ્ધ હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધી સોમવારે કોર્ટમાં રજુ કરતા કોર્ટે બંનેને જામીન પર છોડી મુકયા હતા.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે મોડી રાત્રીના હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સહકારી જીન ચાર રસ્તા પર વાહન ચેકીંગ કરી રહ્યા હતા દરમિયાન રાજસ્થાનના ઉદેપુરથી અમદાવાદ તરફ જઈ રહેલ વૈભવી બીએમડબલ્યુ કારને ઉભી રાખી તેમાં તપાસ કરતા તેમાંથી એક ક્રેટમાં બીયરની ૧૨ બોટલો રૂ. ૨૪૦૦ની મળી આવી હતી. જેથી પોલીસે રાજસ્થાનના ઉદેપુરના નાગા નગરીચાંદ પોલના રહેવાસી કાર ચાલક અનિલસિંહ અમરસિંહ ચૌહાણ અને કારમાં સવાર નશાની હાલતમાં બેઠેલ ઉદેપુરના પીછોલા તળાવ, લીલા હોટલના અભિષેક વૈકુંઠનાથ સહાયને ઝડપી પાડીને ૬ લાખની કાર સાથે કુલ મુદ્દામાલ ૬ લાખ ૨૪૦૦ કબજે કરીને કારમાં દારૂ રાખવાનો અને બીજો દારુની નશાની હાલતમાં એમ બે સામે ગુનો નોંધી પોલીસે સોમવારે સાંજે પાચમાં એડીશનલ જયુડીશીયલની કોર્ટમાં રજુ કરતા જજ એ.જી.ડોડીયાએ બંનેને જામીન પર છોડી મુકયા હતા.

## સે. ૧૬ બેંક ઓફ ઈન્ડિયામાંથી ગઠીયો ૨૨ હજારની રોકડ લઈ ગુમ

ગાંધીનગર, તા. ૨૧

શહેરના સેકટર-૧૬માં આવેલી બેંક ઓફ ઈન્ડિયામાં રૂપિયા જમા કરાવવા આવેલા ગ્રાહકના રૂ. ૨૨ હજાર રોકડા કોઈ ગઠીયો બેંકના કાઉન્ટર પરથી લઈ ગુમ થઈ ગયો હતો. પોલીસે ગ્રાહકની ફરિયાદના આધારે ગુનો નોંધી સી.સી. ટી.વી. કુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર નજીક બોરિજ ગામે સોનવીરસિંહ કાયમસિંહ યાદવ નામનો યુવક રહે છે. જે યુવક આજે શહેરની સેકટર-૧૬ ખાતે આવેલી બેંક ઓફ ઈન્ડિયામાં પૈસા જમા કરાવવા આવ્યો હતો. દરમ્યાન ચલણની પાવતી ભરી પોતાની પાસે રહેલા પાકીટમાંથી રૂ. ૨૨ હજાર રોકડા ભરી કાઉન્ટર ઉપર મુક્યા હતા. બસ આજ અરસામાં કોઈ ગઠીયો સોનવીરસિંહની નજર ચુકવી રૂ. ૨૨ હજારની રોકડ રકમ ઉઠાવી પલાયન થઈ ગયો હતો. આ મામલે થોડીવાર પછી ગ્રાહકને રૂપિયા ગુમ થવાની જાણ થતા સેક્ટર-૨૧ પોલીસમાં જાણ કરતા પોલીસ બનાવ સ્થળે દોડી આવી હતી અને ફરિયાદીની ફરિયાદ લઈ ગુનો નોંધી સી.સી. ટી.વી. કુટેજના આધારે તપાસ હાથ ધરી છે.



મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને આજે તેમના જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના ૭૫માં જન્મ દિવસે તેમના વિધાનસભા કાર્યાલયમાં પહોંચ્યા હતા અને પુષ્પગુચ્છ અર્પણ કરી દીર્ઘાયુ તથા સ્વાસ્થ્યપ્રદ જીવનની જન્મદિન શુભેચ્છાઓ ઓઆપી હતી. આ પ્રસંગે મુખ્ય દંડક પંકજ દેસાઈ, બળવંતસિંહ રાજપુત તથા વિપક્ષી નેતાના સુપુત્ર અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા સહિત વિગેરે શંકરસિંહ વાઘેલાને જન્મદિન શુભકામનાઓ આપી હતી.

# સુનિલ કક્કડને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો

અમદાવાદ, તા.૨૧

સાંઈ ઈન્ફોસીસના નામે ૨૨૦૦ કરોડનું કૌભાંડ આચરનાર સુનિલ કકડડના વધુ ત્રણ દિવસના રિમાન્ડની અરજી અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે અને તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. તપાસ એજન્સીએ કૌભાંડની વધુ તપાસ કરવા માટે કોર્ટ સમક્ષ સુનિલ કકડડના વધુ ત્રણ દિવસના રિમાન્ડની માંગ કરી હતી પણ કોર્ટે તેમની માંગ ફગાવી દીદી છે. સુનિલ કકડડને આ પહેલા છ દિવસના રિમાન્ડ પર સોંપવામાં આવ્યો હતો.

શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં સાંઈ ઈન્ફોસીસના નામે સનીલ કકડડે દેશભરમાં ૧૫ રાજ્યોના ૨૧ શહેરોમાં ઓફિસ ખોસી કૌભાંડ આચર્યું હતું તેણે ૩૩૦૦ જેટલા કર્મચારીઓનો પગાર તેમજ પીએફ સહિતના પૈસા ચુકવ્યા ન હતા તેમજ જુદી-જુદી બેંકોમાંથી કરોડો રૂપિયાની લોન લઈ ૨૨૦૦ કરોડની છેતરપિંડી આચરી હતી. ત્યારબાદ તે લાઈબીરીયા ભાગી ગયો હતો પણ ઈન્ટરપોલ સીબીઆઈની મદદ વડે ક્રાઈમબ્રાન્ચે તેને લાઈબીરીયાથી પકડી અમદાવાદ લઈ આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે સુનિલ કકડડને અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજુ કર્યો હતો જેમાં ગ્રામ્ય કોર્ટે તેને છ દિવસના રિમાન્ડ પર સોંપ્યો હતો પણ ક્રાઈમબ્રાન્ચે ફરીથી તેમના ત્રણ દિવસના વધુ રિમાન્ડની અરજી કોર્ટ સમક્ષ કરી હતી.

## વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ પ્રશ્નોના ઉકેલ માટે ૧૨ જેટલા પત્રોસરકારને મળેલા છે અને ૪ વખત બેઠક પણ બોલાવવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે કર્મચારી મંડળો સાથે બેઠક યોજીને રાજય સરકારની નાણાંકીય સ્થિતિ અને વહીવટી અનુકૂળતા ધ્યાનમાં રાખી કર્મચારીઓના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવેલ છે. છેલ્લે નાણાં વિભાગના તા. ૩-૧૦-૧૨ના ૪ ઠરાવથી કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ આપી મળવાપાત્ર લાભ આપવામાં આવેલ છે.

## શબ્દાવલી - ૫૪૫૪



### આડી ચાવી

૧. શસ્ત્ર સંરજામ સાથે સૈન્ય (૫)
૪. જીહવા, લલના (૨)
૬. દરિયામાં ડૂબકી મારી વસ્તુ કાઢનાર (૪)
૮. ગુજરાતનો એક પ્રદેશ (૪)
૧૧. લોઢી, તાવડી (૨)
૧૨. શરીર (૨)
૧૪. ધનવાન (૩)
૧૬. ઉપયોગ (૨)
૧૯. ગભરાટ, હતપ્રભ (૪)
૨૧. સમય, વેળા (૩)
૨૩. સુંદર દૃશ્યો વગેરે (૫)
૨૫. છત ઢાંકવા પતરા અને... નંખાય (૩)
૨૬. ફુટ (૨)

### ઊભી ચાવી

૧. લાલસા (૩)
૨. 'તલબ' શબ્દ આડોઅવળો(૩)
૩. દારૂની એકજાત (૪)
૪. જીવવાની તીવ્ર ઇચ્છા (૪)
૫. ભમર, નેણ (૨)
૭. તલ્લીન (૨)
૯. રોજની દિનચર્યાની નોંધ(૪)
૧૦. 'તર' શબ્દ ઊંધો, મગ્ન(૨)
૧૩. આંગળીથી... વેગળા (૨)
૧૪. તીવ્ર વેગથી, ખૂબ ઝડપથી (૪)
૧૫. જેમાંથી રૂ નીકળે તે, કાલા (૪)
૧૭. વાયરો, હવા (૩)
૧૮. જાતિ (૨)
૨૦. સૂર્ય અને પુત્ર બંનેનો અંગ્રેજી ઉચ્ચાર... થાય (૨)
૨૨. ચોમાસું પાક (૩)
૨૪. શ્રીરામના પત્ની (૨)

### શબ્દાવલી ૫૪૫૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) બારદાન (૪) મજાક (૭) દાળીયા (૯) ખમ (૧૦) સાદગી (૧૧) મીત (૧૩) નીલ ગાય (૧૭) બગ (૧૮) આંગળીયું (૧૯) ગાર (૨૦) કળી (૨૧) નીકર (૨૪) ડોયો (૨૫) સીડી

**ઊભી ચાવી :-** (૧) વારસાખ (૨) દાદાગીરી (૩) નળી (૫) જાખ (૬) કમનીય (૮) યામીની (૧૨) તલબગાર (૧૪) ગાગર (૧૫) આગળીયો (૧૬) કયુની (૧૮) આંકડો (૨૨) કર્જ (૨૩) બીડી

## કંપની સમાચાર

### વ્હીસપર હાથ ધરે છે માસિકસ્ત્રાવ અંગેના અંતરાયોને દૂર કરવા માટેની સમજ

જાણીતી સેનિટરી નેપકીન બ્રાન્ડ વ્હીસપર અને સ્વતંત્ર સંશોધન સંસ્થા આઈપીએસઓએસ દ્વારા ભારતનાં મુખ્ય મેટ્રો શહેરોમાં મહિલાઓના માસિક સ્ત્રાવ અંગે હાથ ધરેલા સર્વેક્ષણમાં ચોંકાવનારા તારણો આવ્યા છે. તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં અભિનેત્રી શ્રદ્ધા કપૂર, મંદિરા બેદી, મેન્સ્ટ્રુપિડીયાનાં સ્થાપક અદિતિ ગુપ્તા, પીઢ અભિનેત્રી તન્વી આઝમી અને ડૉ. સુનિલા ગર્ગ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહિલાઓનાં સ્વાસ્થ્ય અને સંભાળ વિશેના કેટલાંક ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા હતા. આ સર્વેક્ષણમાંથી જાણવા મળેલી વિગતો અનુસાર ભારતમાં શહેરી વિસ્તારોની ૭૫ ટકા મહિલાઓ તેમના માસિક સ્ત્રાવ દરમિયાન વાપરવામાં આવતાં સેનેટરી પેડ ખરીદતી વખતે છાપામાં વીંટળાયેલી હાલતમાં મેળવે છે. શહેરી વિસ્તારોની ૪૦ ટકા જેટલી છોકરીઓ માસિક સ્ત્રાવનાં સમયગાળા દરમિયાન ઘરે જ રહે છે. ૬૫ ટકા જેટલી મહિલાઓ આ સમયગાળા દરમિયાન પોતાના વાળ ધોતી નથી.

વ્હીસપર દ્વારા મહિલાઓને માસિકસ્ત્રાવ દરમિયાન સર્જાતા અંતરાયોને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ દિશાના ભાગરૂપે માસિકસ્ત્રાવ અંગેની ભ્રામક માન્યતાઓ અને અજ્ઞાનને દૂર કરીને સાચી જાણકારી આપવાના પ્રયાસ વ્હીસપર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

અભિનેત્રી શ્રદ્ધા કપૂર સેનિટરી હાઈઝન નિરાકરણથી આત્મવિશ્વાસ વધે છે તેમ જણાવતાં કહે છે કે, 'મારા જેવી ઘણી મહિલાઓ માસિકસ્ત્રાવના સમયગાળા દરમિયાન પોતાનું વ્યાવસાયિક કામ કરે છે ત્યારે મારો હેતુ અન્ય મહિલાઓનાં અંતરાયો દૂર કરવાનો છે.

### આઈટીઆઈ (ફાયરમેન) અભ્યાસક્રમમાં પ્રવેશનો પ્રારંભ

ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત આઈટીઆઈ (ફાયરમેન) અને આઈટીઆઈ (ઈન્ડસ્ટ્રીયલ સેફટી, ફાયરમેનશીપ અને ઈમર્જિંગ સર્વિસીઝ)નાં ધો. ૧૦ પછી એક વર્ષનાં કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી સંસ્થાનાં અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનો આરંભ થયો છે.

કારકિર્દીના એક આકર્ષક વિકલ્પ તરીકે ઝડપથી ઉભરી રહેલા ફાયરક્ષેત્રના આઈટીઆઈ અભ્યાસક્રમો ધો. ૧૦ પછી વિદ્યાર્થીઓને કારકિર્દી અને રોજગારીની શ્રેષ્ઠ તક પુરી પાડે છે. ગુજરાતમાં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી) સંસ્થામાં આ અભ્યાસક્રમ ચાલે છે. ૧૦૦ ટકા પ્લેસમેન્ટનો રેકોર્ડ ધરાવતા આ અભ્યાસક્રમોમાં ધો. ૧૦ પછી પ્રવેશ મળે છે.

આઈટીઆઈના આ બંને અભ્યાસક્રમો કુલ એક વર્ષના છે. જેમાં ૧૦ માસની તાલીમ અને ૨ માસના ઈન્ડસ્ટ્રીયલ એટેચમેન્ટનો સમાવેશ થાય છે. ભારતમાં આંતરમાળખાકિય ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે. ઉપરાંત ઔદ્યોગિક સલામતી માટે પણ વધુ સભાનતા આવી રહી છે. આથી જ આઈટીઆઈના અભ્યાસક્રમો પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને કોન્ટ્રાક્ટરો અને ઉદ્યોગજૂથો દ્વારા રોજગારીની તકો પુરી પાડવામાં આવે છે.





શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · Kisan · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ